# હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




એક ઉપાય છે... દાઢી વધારવાનું ચાલુ કરી દે... જેમ જેમ વધતી જશે તેમ તેમ તારી પ્રોડક્ટના ભાવ પણ વધશે તેવું મને લાગે છે....!!

# આજે છ મહાનગરપાલિકા માટે મતદાન

**કોરોનાગ્રસ્ત દર્દી સાંજે ૫ થી ૬ સુધી કરી શકશે મતદાન : મતદારો માટે ૦૭૯ ૨૭૫૬૯૧૦૫ હેલ્પ લાઈન નંબર : તમામ ચૂંટણી પ્રક્રિયાના સંચાલન માટે ૨૮,૧૬૧ પોલિંગ સ્ટાફ ફરજ પર તહેનાત : ચૂંટણી તંત્ર દ્વારા ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરાયા**

ગાંધીનગર,તા.૨૦

રાજયમાં છ મહાનગર પાલિકાના ચૂંટણીપ્રચારના પડઘમ શાંત થયા છે. ભાજપ, કોંગ્રેસ અને વિવિધ પક્ષોએ મતદારોને આકર્ષવા માટે દરેક ચૂંટણીદાવ અજમાવ્યા છે. રાજયમાં છ કોર્પોરેશનની ચૂંટણીમાં ૧૦ જેટલા રાજકીય પક્ષો મેદાનમાં છે, જેમાં ભાજપ, કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. અન્ય પક્ષોમાં આમ આદમી પાર્ટી, એનસીપી, બીએસપી, જનતા દળ સેક્યુલર, સીપીઆઈ, એઆઈએમઆઈએમ સહિતના પક્ષો અને અપક્ષ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. રાજયમાં ૨૧ ફેબ્રુઆરીએ છ મહાનગરપાલિકામાં મતદાન પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં કુલ ૧,૧૪ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. રાજયમાં મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજયના ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીપ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે.

સવારથી અલગ-અલગ વોર્ડમાં ઈવીએમ મશીન મોકલી દેવામાં આવ્યા છે. ઈવીએમ મશીનને ચેક કરી અને એને ચુસ્ત પોલીસ-બંદોબસ્ત સાથે વોર્ડના મતદાન મથકો પર મોકલવામાં આવી રહ્યા છે. આજે રાતે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત વચ્ચે ચૂંટણી તંત્ર દ્વારા શહેરમાં ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણીપ્રક્રિયાના વ્યવસ્થાપન ૧૬ રિટર્નિંગ ઓફિસર અને ૧૬ આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું છે.

આ તમામ ચૂંટણી પ્રક્રિયાના સુચારુ સંચાલન માટે ૨૮,૧૬૧ પોલિંગ સ્ટાફને ફરજ પર તહેનાત કરવામાં આવ્યા છે. આજે સવારે મોક કોલ બાદ ૭ વાગ્યાથી મતદાન શરૂ થશે. સાંજે મતદાન પૂરું થયા બાદ ઈવીએમ ગુજરાત કોલેજમાં સ્ટ્રોંગ રૂમમાં મૂકવામા આવશે. રાજયમાં ૨૧ ફેબ્રુઆરીએ છ મહાનગરપાલિકાઓમાં મતદાનની અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના દિવસે મતગણતરી હાથ ધરવામાં આવશે. આજે રાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઈવીએમ મશીન ૪૮ વોર્ડના ૪૫૦૦થી વધુ મતદાન મથકમાં રહેશે. આજે સાંજે ૬ વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ રાખવામાં આવશે.

## આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટમાં મતદાન કરશે

ગાંધીનગર,તા.૨૦

રાજ્યની મહાનગરપાલિકાઓ માટે આવતીકાલે ચૂંટણી યોજાશે. રાજ્યના લાખો શહેરી મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી અને લોકશાહીના પર્વમાં કોરોના કાળમાં મતદાન માટે જોડાશે. દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી પણ આ ચૂંટણીમાં મત આપશે તેવા અહેવાલો સામે આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદની યુ.એન. મહેતા હૉસ્પિટલમાં કોરોના સામે જંગ લડી રહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણી કોરોનાની ગાઈડલાઈન મુજબ મતદાન કરશે. આજે મુખ્યમંત્રીનો આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવશે અને ત્યારબાદ આ અંગેનો અંતિમ નિર્ણય જાહેર થાય તેવી વકી છે.

# જિલ્લામાં કોરોનાના ૮ કેસ : ૯ ને ડિસ્ચાર્જ

**રાંદેસણમાં દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ : સરગાસણમાંથી પણ કેસ મળ્યો : સે. ૨૬ માંથી બે કેસ ઉપરાંત સે. ૨૯, ૩ અને સે. ૯ માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૮ કેસ નોંધાયા છે. ચાર દિવસ પછી જિલ્લામાં કેસોની સંખ્યામાં ઘટાડો થતાં તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

જિલ્લામાં આજે ગાંધીનગર શહેરમાં ૫ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ એ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩ એ કેસ કર્મયોગીના છે. જેમાં બે મહિલા દર્દી છે.

ગાંધીનગર તાલુકાના રાંદેસણ ગામે એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે. આ ઉપરાંત સરગાસણ ગામેથી એક કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલા ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૭૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૭૦૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે પાંચ દર્દીઓ નોંધાયા છે. આ પાંચેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં સંક્રમિત થનારાઓમાં અમદાવાદ ખાતે પી.એલ.આઈ. તરીકે ફરજો બજાવતા અધિકારી, એક ખાનગી હોસ્પિટલના કોરોના વોરિયર્સનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૬ માંથી બે, સે. ૨૯, ૩ અને સે. ૯ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં હાલ ૭૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# અડાલજના સહકારી આગેવાન લાલભાઈ પટેલની એનસીયુઆઈમાં વરણી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના સહકારી આગેવાન અડાલજના



લાલભાઈ ગોવિંદભાઈ પટેલની નવી દિલ્હી ખાતેના નેશનલ કોઓપરેટીવ યુનિયન ઓફ ઈન્ડિયા-એનસીયુઆઈની શિક્ષણ સમિતિમાં સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે લાલભાઈ પટેલ તાલુકાથી માંડીને જિલ્લા અને રાજયકક્ષાની અનેક સહકારી સંસ્થાઓ જેવી કે એડીસી બેંક, સહકારી સંઘ, એપીએમસી, જિલ્લા સરકારી પાટીદાર વેચાણ સંઘ, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી, ડિસ્ટ્રીક્ટ કોઓપ ફાર્મસ ફેડરેશન વગેરેમાં વિવિધ હોદાઓ પર તેમની સેવાઓ આપી ચુક્યા છે. એનસીયુઆઈની શિક્ષણ સમિતમાં તેમની વરણી થતાં જિલ્લાના સહકારી વર્તુળમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

# રામાજીના છાપરા ખાતે "મતદાર જાગૃતિ અભિયાન" અંતર્ગત "મતદાન શપથ"નું આયોજન




ગાંધીનગર, તા. ૨૦

મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત દહેગામ તાલુકાના રામાજીના છાપરા ખાતે "બુથ લેવલ ઓફિસર" ધર્મેશ ગજ્જર (શિક્ષક) દ્વારા નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી અર્થે "મતદાન શપથ" મતદારોને લેવડાવવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ કોરોના સંદર્ભે ધ્યાન રાખવાની બાબતો જેવી કે સોશીયલ ડિસ્ટન્સ, માસ્ક, સેનીટાઈઝર વગેરેનો મતદારોએ ઉપયોગ કરેલ. મતદાન શપથ રામાજીના છાપરા, સદાપુરા, હજૂરજીના છાપરા, ખોડિયારમાતાના મંદિર વિસ્તાર તથા છૂટા-છવાયા ખેતરોમાં રહેતા મતદારોને "બૂથ લેવલ ઓફિસર" ધર્મેશ ગજ્જર દ્વારા મુલાકાત લઈ તેઓના ઘેર, શેરીમાં, દુકાન પર, રસ્તાઓ વચ્ચે, ભાગોળ, અગાસી, ઓસળીઓ વગેરે સ્થાનો પર મતદારોને એકત્રીત કરી "મતદાર જાગૃતિ અભિયાન" અંતર્ગત "મતદાન શપથ" લેવડાવી કિમતી અને પવિત્ર મત ફરજિયાત આપવોની સમજૂતી આપેલ. સમગ્ર કાર્યક્રમમાં વડીલો, યુવાનો, મહિલાઓ સર્વેએ સાથ સહકાર આપી "મતદાન શપથ" કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# રાષ્ટ્રને ગૌરવ અપાવે તેવા બાળ નિર્માણ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કાર્યરત : રાજ્યપાલ

**ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં પ્રથમ દિક્ષાંત સમારોહમાં ૧૧ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક સહિત ૯૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઇ : પાંચ વિદ્યાર્થીઓને પીએચડીની ઉપાધિ અપાઇ**





ગાંધીનગર, તા.૨૦

'આજે ડિગ્રી છે પરંતુ નૈતિકતા નથી, આજે શિક્ષિત વ્યક્તિઓ સમાજને વધુ નુકસાન પહોંચાડી રહ્યાં છે, જે ડિગ્રીઓ માનવીને માનવ બનાવી ન શકે કે શું કામની?' તેવો બળાપો ચિલ્ડ્રન યુનીવર્સીટીનાં પ્રથમ દિક્ષાંત સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કાઢ્યો હતો અને તે સાથે જણાવ્યુ હતુ કે, 'ભારતની પ્રાચીન ઋષિ પરંપરામાં કેન્દ્રબિંદુમાં બાળક હતુ જેને સંસ્કારોની ભઠ્ઠીમાં તપાવીને મહામાનવ બનાવવા પ્રયાસ કરવામાં આવતો હતો.' તેમણે જણાવ્યું હતું કે, 'માનવી સંસ્કારી અને નૈતિક બને તેમજ દરેકના સુખદુઃખને પોતાનાં સુખ દુઃખ સમજતો થાય તે દિશામાં વિશ્વની પ્રથમ ચિલ્ડ્રન યુનિવર્સિટી કાર્યરત છે જેનો યશ ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે.' ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં પ્રથમ દિક્ષાંત સમારોહમાં વિવિધ વિદ્યાશાખાના ૯૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી જે પૈકી ૧૧ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરાયાં હતાં.

ગાંધીનગરના સેક્ટર-૨૦ માં આજે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ યોજાયો હતો જેમાં ગુજરાતના રાજ્યપાલ તથા યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવદત્ત ઉપરાંત ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્મા ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્ય દેવવ્રતે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, 'અસલી નિર્માણ એ બાળકનું નિર્માણ છે જે રાષ્ટ્રને ગૌરવ અપાવે જે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે થઈ રહ્યું છે અને મને ગર્વ છે કે મારા દેશમાં પ્રાચીન ઋષિ પરંપરા અનુસાર વર્તમાન ભૂત તથા ભવિષ્યને ધ્યાનમાં બાળક નિર્માણનું કાર્ય થઈ રહ્યું છે. ઋષિ પરંપરા અનુસાર સોળ સંસ્કાર ગર્ભસ્થ શિશુનું શિક્ષણ બાળકની ગ્રહણશક્તિ અને શ્રેષ્ઠ મનુષ્યો થકી શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ કરવાની દિશામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કાર્યરત છે.'

આ પદવીદાન સમારોહમાં શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વિભાગના પાંચ વિદ્યાર્થીઓને પીએચડીની પદવી પ્રદાન કરવામાં આવી હતી તેમજ રાજયપાલના હસ્તે મનોવિજ્ઞાન વિભાગ દ્વારા લખાયેલા એક પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રથમ દિક્ષાંત સમારોહમાં કુલપતિ હર્ષદભાઈ શાહ, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ સહિત વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ તેમજ હોદ્દેદારો ઉપરાંત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા મહિનાની પૂર્ણાહુતિ

ગાંધીનગર, તા.૨૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા મહિનાની પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો જેમાં મુખ્ય મહેમાન તરીકે પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસ ઠાકર હાજર રહ્યા હતા. શાબ્દિક સ્વાગત સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ આપ્યું હતું. આખા મહિના દરમ્યાન રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.



માર્ગ સુરક્ષા અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને સ્વયં સેવકોનો ખુબજ સરાહનિય અને પ્રેરણાદાયી પ્રવૃત્તિઓ જેવીકે યાતાયાતને લગતા વિવિધ સંજ્ઞાઓનો મતલબ શું હોય, યુ વ્હીલર વાહન ચલાવતી વખતે અનિવાર્ય પણે હેલ્મેટ પહેરવાની સલાહ આપવાની, ફોર વ્હીલર વાહન ચલાવતી વખતે અનિવાર્ય પણે સીટ બેલ્ટ બાંધવાની સલાહ આપવાની કરી હતી. સ્વયંસેવકો ગૌરવ બાલ્યાણ, હસ્તી વેગડ, જીનાલી મોતાં અને જસ્મિન ઠાકોરે રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા મહિના અંતર્ગત વિવિધ જાગૃત્તિના કાર્ય કર્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ ડો. નીરજ સિલાવટે કરી હતી.

# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં લીલાછમ વૃક્ષોને કાપીને સળગાવી નંખાયા





ગાંધીનગર તા. ૨૦

છેલ્લા કેટલાક સમયથી હરીયાળા શહેર તરીકે ઓળખ ગુમાવી ચુકેલા ગાંધીનગરના વધેલા વૃક્ષોને પણ કોઈની નજર લાગી હોય તેવી સ્થિતી અનુભવાઈ રહી છે. તેમજ શહેરમાં વિકાસ કાર્યોને પગલે કાપવામાં આવતા વૃક્ષો પ્રત્યે નારાજગીનો સૂર પ્રવર્તી રહ્યો છે ત્યારે હવે ગાંધીનગરના વૃક્ષ મંદિર સમા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં લીલાછમ વૃક્ષોને કાપીને સળગાવી નાંખવાની ઘટના સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાની તસવીરો સોશ્યિલ મીડિયામાં વાયરલ થવાને કારણે સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી જેના પગલે પગલે પ્રકૃતિ પ્રેમીઓમાં રોષની લાગણી ફેલાવા પામી છે. જોકે આ વૃક્ષો કોના દ્વારા કાપવામાં આવ્યાં અને કેમ કાપવામાં આવ્યા તેમજ કેમ સળગાવવામાં આવ્યાં તે બાબતે હજુ કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થવા પામી નથી

## ખૂણેખાંચરેથી

- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે લાગુ થયેલી આચાર સંહિતાને પગલે આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક મળી ન હતી.
- આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે ડીસ્ટ્રીક્ટ લેવલ ફેસીલીટેશન કમિટીની બેઠક મળી હતી.
- સે. ૫ સ્થિત ખોડિયાર માતાના મંદિરે આજે ધ્વજારોહણ મહોત્સવ અને નવચંડી યજ્ઞનું આયોજન કરાયુ હતુ.
- જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કર્મયોગીઓને તાલિમ અને મતદાન મથકોની કીટ તૈયાર કરવામાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.
- અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણીમાં બેંક કર્મચારીઓને ડ્યુટી સોંપાતા આજે શહેરની કેટલીક બેંકો બંધ રહી હતી. ૧૮૦ થી વધુ કર્મચારીઓને આ ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી છે.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખાના નવા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખાની ઔપચારિક સભા તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ કલેક્ટર કચેરીના સમિતિ ખંડમાં મળી હતી જેમાં કલોલ તાલુકાની શાખાના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠક બાદ તે જ દિવસે બપોરે ૩ કલાકે સેક્ટર-૨૮ના બગીચામાં મળેલી તાકીદની બેઠકમાં સર્વસંમતિથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ગાંધીનગર જિલ્લા શાખાના નવા હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી હતી. આ હોદ્દેદારોમાં પ્રેસિડેન્ટ પદે જિલ્લા કલેક્ટર, વાઈસ પ્રેસિડન્ટ પદે સુકેતુભાઈ મહેતા, ચેરમેન પદે સોનલબેન ચૌહાણ, વાઈસ ચેરમેનપદે કિર્તીભાઈ પટેલ, સેક્રેટરી તરીકે હિતેશ બી. રાવલ અને જોઈન્ટ સેક્રેટરીપદે નયનભાઈ મધુકરની નિયુક્તિ કરવામાં આવી હતી. આ ઉપરાંત ખજાનચી પદે રસિકભાઈ પટેલ, ખજાનચી પદે ગૌરવભાઈ પટેલ સહિત એક્ઝિક્યુટિવ મેમ્બર્સ તરીકે બ્રિજેશભાઈ નાઈક, રોહિતભાઈ પટેલ, જીગ્નેશભાઈ રાવલ, અને કિશનસિંહ ચંપાવતની વરણી કરવામાં આવી હતી તેઓ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની અખબારી યાદીમાં જણાવાયું છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧